મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજનાનો વ્યાપ
વધારવા બાબત

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧

સચિવાલય ગાંધીનગર

તા. ૧/૦૪/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/૦૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૪/૦૯/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૫) અધિક નિયામક (ત.સે.)ના તા. ૨૦/૦૩/૨૦૧૭ ના પત્ર ક્રમાંક નં.- નં. "મા વાત્સલ્ય" યોજના/ રૂ. ૧.૫૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓના સમાવેશ બાબત/ ૨૦૧૭ ની દરખાસ્ત અન્વયે.

આમુખ:-

સંદર્ભ ક્રમાંક:- (૧) ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨ થી ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) ને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને મદદરૂપ થવાના હેતુથી મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલી કરેલ છે.

આ યોજનાને રાજ્યમાં મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક:- (૨) ના ઠરાવથી રૂ. ૧.૨૦ લાખ (એક લાખ વીસ હજાર પુરા) થી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા

નીચલા મધ્યમ વર્ગોના પરિવારોની તમામ મહિલાઓ અને આવા પરિવારોના ૨૧ વર્ષની વય સુધીના બાળકો - યુવાનોને ગંભીર બિમારીઓની સારવાર વિનામુલ્યે મળી રહે તે માટે "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ. જ્યારે સંદર્ભ ક્રમાંક:- (૩) થી મધ્યમ વર્ગના પરિવારના ૨૧ વર્ષથી વધુ વયના પુરુષોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ સંદર્ભ ક્રમાંક:- (૪) થી "મા વાત્સલ્ય" યોજના હેઠળ રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારોનો સમાવેશ કરવા અંગે સુધારા ઠરાવ કરેલ છે.

હાલમાં "મા વાત્સલ્ય" યોજના હેઠળ લાભ મેળવવા માટે લાભાર્થીઓને વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવકના પ્રમાણપત્ર મેળવવાના રહે છે. વાર્ષિક રૂ. ૧.૨૦ લાખની આવક મર્યાદાના કારણે મધ્યમ વર્ગના કેટલાક પરિવારો યોજનાના લાભોથી વંચિત રહી જાય છે. જે ધ્યાને લઈ, સંદર્ભ ક્રમાંક:- (૫) થી "મા વાત્સલ્ય" યોજના હેઠળ વાર્ષિક રૂ. ૧.૫૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે.

<u>સુધારા ઠરાવ:-</u>

આથી પુખ્ત વિચારણાને અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સંદર્ભ ક્રમાંક (૪) ના ઠરાવમાં દર્શાવેલ રૂ. ૧.૨૦ લાખ (અંકે એક લાખ વીસ હજાર પુરા) કે તેથી ઓછી પારિવારિક વાર્ષિક આવક ધરાવતાને બદલે રૂ. ૧.૫૦ (અંકે એક લાખ પચાસ હજાર પુરા) સુધીની પારિવારિક વાર્ષિક આવક ધરાવતા પરિવારનો "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવેશ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ અને તા.૨૬/૦૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ/ ૧૦૨૦૧૨/ ૪૭૧/ બ.૧ ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૦૧/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Patange

નાયબ સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ગાંધીનગર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી